# અમદાવાદ ટ્રાફિક ટ્રસ્ટ

**ઈસ્કોન–આંબલી BRTS રોડ,**
**અમદાવાદ શહેર –૩૮૦૦૫૮**
**(રજી.નં. ઈ/૧૮૯૧૦/અ'વાદ તા.૦૫.૦૯.૨૦૦૯)**

## ટ્રાફિક બ્રિગેડ–માનદ સેવક / સેવિકા ભરતી

અમદાવાદ ટ્રાફિક ટ્રસ્ટ તરફથી ૬૫૦ ટ્રાફિક બ્રિગેડ માનદ સેવકોની પસંદગી કરવામાં આવનારી છે. જેમાં ૨૧૪ મહીલા અને ૪૩૬ પુરૂષ ટ્રાફિક બ્રિગેડનો સમાવેશ થશે. જેથી જાહેરાતમાં જણાવ્યા મુજબની લાયકાત ધરાવતાં ઉમેદવારોએ નીચે જણાવેલ સરનામેથી નિયત ફોર્મ મેળવી અરજી કરવાની રહેશે.

**(નોંધ : જગ્યામાં વધ–ઘટ થઇ શકે છે)**

**ટ્રાફિક બ્રિગેડ એ માનદસેવા છે. સરકારી / અર્ધ સરકારી નોકરી નથી. માનદ સેવક/સેવિકા સંપૂર્ણ તાલીમ મેળવ્યા બાદ સેવા પર હાજર થયેથી તેઓને પ્રતિદિન રૂપિયા ૩૦૦/– માનદવેતન તરીકે આપવામાં આવશે.**

| **–: નિમણુક માટે :–** | **SC / ST /OBC / GENERAL ના ધારા ધોરણો આપેલ માહિતી મુજબ રહેશે.** | | | |
|---|---|---|---|---|
| | **ઉમેદવાર** | **ઊંચાઇ** | **વજન** | **દોડ** |
| **૧.** ઉંમર:–૧૮ થી ૪૦ વર્ષ<br>**૨.** ન્યુનત્તમ શૈક્ષણિક લાયકાત ધોરણ–૯ પાસ કે તેનાથી વધુ શૈક્ષણિક લાયકાત. | **પુરુષ સેવક** | **SC/ST/OBC – ૧૬૨ સેમી<br>GENERAL –૧૬૫ સેમી** | **૫૫ કિલો** | **૮૦૦ મીટર ૪ મિનીટ** |
| **નોંધ : અનુભવી , મજબુત બાંધો, વધુ ઊંચાઇ તેમજ અન્ય લાયકાતો ધરાવનાર ઉમેદવારોને પ્રાધાન્ય આપવામાં આવશે.** | **મહિલા સેવિકા** | **SC/ST/OBC – ૧૫૦ સેમી<br>GENERAL – ૧૫૫ સેમી** | **૪૫ કિલો** | **૪૦૦ મીટર ૩ મિનીટ** |

**અન્ય શરતો :–**

- શારીરિક કસોટીમાં પાસ થનારના મૌખિક ઇન્ટર્વ્યુ ના આધારે મેરીટ લીસ્ટ બનશે. **(જો શારીરિક કસોટીમાં વધારે ઉમેદવાર હશે તો લેખિત પરીક્ષા પણ લઇ શકાશે. જેના આધારે પસંદગી થશે.)**
- પોલીસ,SRP,સેન્ટ્રલ રીઝર્વ પોલીસ, આર્મી વિ.લશ્કરી અને અર્ધલશ્કરી દળોની ભરતી પ્રકીયામાં ઇન્ટરવ્યુ સુધી પહોંચેલ ઉમેદવારોને પણ વિશેષ લાયકાત ધરાવનાર ગણી પ્રાધાન્ય આપવામાં આવશે.
- ટ્રસ્ટના નીતિ–નિયમોને અનુસરવાનું રહેશે.
- અમદાવાદ શહેરના રહીશ કે અમદાવાદમાં હોસ્ટેલમાં રહી અભ્યાસ કરતા વિદ્યાર્થી પણ પસંદગી પ્રક્રિયામાં ભાગ લઇ શકશે.(રેક્ટરશ્રીનુ પ્રમાણપત્ર કે હોસ્ટેલ ફી ની રસીદ આધાર તરીકે રજુ કરવાની રહેશે.)
- અરજી ફોર્મ જાહેરાતમાં દર્શાવેલ સ્થળેથી વિનામૂલ્યે મેળવી શકશો.
- ***અન્ય વિગતો અરજી ફોર્મમાંથી મેળવવાની રહેશે.***

- **અરજી ફોર્મ મેળવવાની તારીખ :–** તા.૨૫/૦૮/૨૦૨૫ થી તા.૧૮/૦૯/૨૦૨૫ સુધી સવાર કલાક ૧૧.૦૦ થી ૧૮.૦૦ સુધીમાં મેળવી શકાશે.
- **અરજી ફોર્મ મેળવવાનું સ્થળ :– (૧)** PRO રુમ, જુની પોલીસ કમિશ્નરની કચેરી, શાહીબાગ અમદાવાદ શહેર **(૨)** અમદાવાદ શહેરના ટ્રાફિકના નીચે દર્શાવેલ ૧૪ પોલીસ સ્ટેશન ખાતેથી મેળવી શકાશે.

**A-ટ્રાફિક પો.સ્ટે:–** ટ્રાફિક ચિલ્ડ્રન પાર્ક, સોલા સિવિલ સામે,એસ.જી.હાઈવે પાસે, અમદાવાદ શાહેર

**B-ટ્રાફિક પો.સ્ટે:–** મીઠાખળી છ રસ્તા ,નવરંગપુરા, અમદાવાદ શહેર

**E-ટ્રાફિક પો.સ્ટે:–** ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન કમ્પાઉંડ,ગાયકવાડ હવેલી, અમદાવાદ શહેર

**F-ટ્રાફિક પો.સ્ટે:–** જૂના શાહીબાગ પોલીસ સ્ટેશનના નીચેના માળે,રાણીસતિ મંદિરની નજીક શાહીબાગ, અમદાવાદ શહેર

**G-ટ્રાફિક પો.સ્ટે:–** જી ટ્રાફિક પો.સ્ટે.,આંબાવાડી, સરદારનગર અમદાવાદ શહેર

**H-ટ્રાફિક પો.સ્ટે:–** ગોમતીપુર પોલીસ સ્ટેશન બીજા માળે, પટેલ મીલ ત્રણ રસ્તા, ગોમતીપુર, અમદાવાદ શહેર

**I-ટ્રાફિક પો.સ્ટે:–** રામોલ પોલીસ સ્ટેશનની સામે, સીટીએમ કેનાલની બાજુમાં,રામોલ, અમદાવાદ શહેર

**J-ટ્રાફિક પો.સ્ટે:–** રૂમ.૨, ઈસનપુર પોલીસ સ્ટેશનની અંદર ,મિલ્લત નગરની સામે, ઈસનપુર

**K-ટ્રાફિક પો.સ્ટે:–** દાણીલીમડા પો.સ્ટે. બિલ્ડીંગ, દાણીલીમડા ચાર રસ્તા પાસે, દાણીલીમડા,અમદાવાદ

**L-ટ્રાફિક પો.સ્ટે:–** સુભાષબ્રીજ સર્કલ કલેકટર ઓફિસ ની બાજુમા,સુભાષબ્રીજ પોલીસ ચૌકી ઉપર,સુભાષબ્રીજ, અમદાવાદ શહેર

**M-ટ્રાફિક પો.સ્ટે:–** સરખેજ પોલીસ સ્ટેશનની બાજુમા, ધોળકા સર્કલ પાસે, સરખેજ, અમદાવાદ શહેર

**N-ટ્રાફિક પો.સ્ટે:–** કોર્ટયાર્ડ મેરીઓટ હોટલ સામે, રામદેવનગર ચાર રસ્તા,સેટેલાઈટ, અમદાવાદ

**SG-1 ટ્રાફિક પો.સ્ટે:–** સોલા ચિલ્ડ્રનપાર્ક, સોલા સિવિલ હોસ્પીટલની સામે, અમદાવાદ શહેર

**SG-2 ટ્રાફિક પો.સ્ટે:–** સરખેજ પોલીસ સ્ટેશનના પહેલા માળે, ધોળકા સર્કલ પાસે, સરખેજ અમદાવાદ શહેર

### –: અરજી ફોર્મ જમા કરાવવાની તારીખ અને સ્થળ :–

- તા.૨૫/૦૮/૨૦૨૫ થી તા.૨૦/૦૯/૨૦૨૫ સુધી સવાર કલાક ૧૧.૦૦ થી ૧૮.૦૦ સુધી જમા કરાવી શકાશે.
- **સ્થળ :–** PRO રુમ, જુની પોલીસ કમિશ્નરની કચેરી, શાહીબાગ અમદાવાદ શહેર
- **ઓનલાઇન ફોર્મ નીચે દર્શાવેલ પોલીસ વેબસાઇટ ઉપરથી ડાઉનલોડ કરી ફોર્મ ભરી ઉપરોક્ત સ્થળે રૂબરુ જમા કરાવવાના રહેશે.**

**Web Site: https://cpahmedabad.gujarat. gov.in/**

***અરજીપત્રક સંપૂર્ણ વિગતો સહીત જરૂરી દસ્તાવેજો સ્વપ્રમાણિત નકલો સાથે તેમજ ઉક્ત સ્થળે પરત જમા કરાવવાના રહેશે.***

**(હિતેન વસંત)**
મંત્રીશ્રી, અમદાવાદ ટ્રાફિક ટ્રસ્ટ
અમદાવાદ શહેર.